NHS

# તમારો તબીબી ઇતિહાસ તમારું જીવન બચાવી શકે છે

તમને મળતી સંભાળમાં સુધારા કરવા માટે માહિતીની આપ-લે કરવી



જીવનો બચાવે છે



સમય બચાવે છે



માહિતીનું રક્ષણ કરે છે

Your Care Connected

MidlandsYourCareConnected.nhs.uk



# જીવનો બચાવે છે

## જેટલી વધારે માહિતી એટલું વધારે સારું

આરોગ્ય વ્યવસાયિકોને તમારા જીપીના રેકોર્ડમાં રાખેલી માહિતી જોવા દેવાથી તેમને અગત્યની અને સંભવતઃ જીવન બચાવી શકે તેવી માહિતી મળશે; તેનાથી લોહીની તપાસ અને એક્સ-રે જેવી તપાસ બિનજરૂરી રીતે દોહરાવવી નહિ પડે.

**તમારી તબીબી નોંધોની આપ-લે કરવાથી તમારું જીવન બચાવી શકાય છે.**

# શું તમને ખબર હતી...

## તમારા જીપી પાસેના તબીબી રેકોર્ડ તમારા આરોગ્ય અને તંદુરસ્તીના સૌથી સંપૂર્ણ રેકોર્ડ હોય છે.

પરંતુ તમને એ ખબર હતી કે તમે જ્યારે હોસ્પિટલ જાવ, માનસિક આરોગ્યની સેવા અથવા કામના કલાકો સિવાયના સમયે આપવામાં આવતી સેવા મેળવો, અથવા તમને જ્યારે એમ્બ્યુલન્સની જરૂર પડે ત્યારે તમારી સારવાર કરતાં લોકો તમારા તે રેકોર્ડ મેળવી શકતાં નથી?

તમારી સ્થાનિક એન.એચ.એસ.ને લાગે છે કે તમારી સંભાળમાં સંકળાયેલ લોકો તમારા વિશેની અગત્યની માહિતી જોઈ શકવાં જોઈએ, જેથી તમને મળતી તબીબી સંભાળમાં સુધારા કરવામાં મદદ થાય અને આથી બર્મિંગહમ, સેન્ડવેલ અને સોલિહલમાં Your Care Connectedનો અમલ કરવામાં આવી રહ્યો છે.

**Your Care Connectedથી ડોક્ટરો, નર્સો તેમજ તમારી સંભાળ રાખનારાં નોંધાયેલાં અન્ય આરોગ્ય વ્યવસાયિકો તમને બહેતર, વધુ સલામત સંભાળ પૂરી પાડવા માટે તમારા જીપીના રેકોર્ડમાં રાખેલ માહિતી તમારી પરવાનગી લઈને જોઈ શકશે.**

# આનાથી તમને કેવી રીતે મદદ થાય છે

- તમારી તબીબી માહિતી વધુ ઝડપથી અને સહેલાઈથી મેળવી શકવી, જે તમારું જીવન બચાવી શકે છે
- તમે કઈ દવાઓ લો છો અને કેટલા પ્રમાણમાં, તમને કોઈ એલર્જીઓ છે કે નહિ, તમે કરાવેલ કોઈ તાજેતરની તબીબી તપાસોનાં પરિણામો, તમે જીપીની પ્રેક્ટીસમાં કયા કર્મચારી સભ્યને છેલ્લે મળ્યાં હતાં વગેરે જેવી માહિતી પૂરી પાડે છે
- તમારી સંભાળની સલામતી અને ગુણવત્તામાં સુધારો કરે છે
- ફોર્મ્સ ભરવામાં ઓછો સમય વીતે છે
- ભાગ લેતી સંસ્થાઓમાં તમારા જીપી ફેક્સ અથવા રેકોર્ડેડ ડિલિવરી મારફતે તમારા રેકોર્ડ મોકલી આપે (જે હાલમાં કરવામાં આવે છે), તેના કરતાં આ વધારે સુરક્ષિત છે
- ઈમર્જન્સીમાં વધારે સલામતીપૂર્વક સંભાળ પૂરી પાડી શકાય છે

" Your Care Connectedથી હોસ્પિટલની મુલાકાતોનો તનાવ ઘણો બધો ઓછો થઈ જશે; મારી વાત જણાવવા માટે એક જ પદ્ધતિ હોવાથી, મારા વિશેની તમામ ભરોસાપાત્ર અને આવશ્યક માહિતી પૂરી પાડવાથી મને બહેતર સંભાળ પૂરી પાડવામાં મદદ થશે“

એડ્રિઅન, દર્દી



# સમય બચાવે છે

## સમય બગાડવાનું કોઈને ગમતું નથી

તમારી તબીબી માહિતી વધારે ઝડપથી મેળવી શકવાથી તમારે ભરવાં પડતાં ફોર્મ્સનું પ્રમાણ ઓછું થઈ જશે, રાહ જોવાનો સમય ઘટી જશે અને હોસ્પિટલમાં બિનજરૂરી રોકાણો ઓછાં થશે.

તમારા તબીબી રેકોર્ડ્સની આપ-લે કરીને સમય બચાવો.

# તમારી માહિતી કોણ મેળવી શકશે?

તમે જ્યારે નીચેનામાંથી કોઈ પણ સંસ્થામાં જશો, ત્યારે તમારી સારવાર કરતી વ્યક્તિ Your Care Connectedનો ઉપયોગ કરીને તમારા જીપીના રેકોર્ડમાંથી માહિતી જોવા માટે તમારી પરવાનગી માગશે. આનાથી તમને બહેતર, વધુ સલામત સંભાળ પૂરી પાડવામાં મદદ થશેઃ

- બર્મિંગહમ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ
- બર્મિંગહમ કમ્યુનિટી હેલ્થકેર
- બર્મિંગહમ એન્ડ સોલિહલ મેન્ટલ હેલ્થ ફાઉન્ડેશન ટ્રસ્ટ
- બર્મિંગહમ વિમેન્સ હોસ્પિટલ
- બર્મિંગહમ સિટી હોસ્પિટલ
- ગુડ હોપ હોસ્પિટલ
- હાર્ટલેન્ડ્સ હોસ્પિટલ
- ક્વીન એલિઝાબેથ હોસ્પિટલ
- ધ રોયલ ઓર્થોપીડીક હોસ્પિટલ
- સેન્ડવેલ જનરલ હોસ્પિટલ
- સોલિહલ હોસ્પિટલ
- વેસ્ટ મિડલેન્ડ્સ એમ્બ્યુલન્સ સર્વિસ
- કામના કલાકો સિવાયના સમયની સ્થાનિક જીપીની સેવાઓ

Your Care Connectedનો ઉપયોગ કરીને માત્ર તમારી પરવાનગી લઈને જ અને તમને સીધી સંભાળ પૂરી પાડવા માટે જ તમારી માહિતી જોઈ શકાય છે. કૃપા કરીને નોંધ લેશો કે ઈમર્જન્સીની પરિસ્થિતિમાં, દાખલા તરીકે તમે બેહોશ હો અથવા વાતચીત કરી શકો તેમ ન હો, અથવા તેમને લાગે કે તમારા આરોગ્ય અને તંદુરસ્તી માટે આવશ્યક છે તો ક્લીનીશ્યનો તમારી પરવાનગી વિરુદ્ધ જઈ શકે છે.

# તેઓ શું જોશે?

તમારી સારવાર કરનારાં આરોગ્ય વ્યવસાયિકો તમારા તબીબી રેકોર્ડના માત્ર નીચે જણાવેલ ભાગો જ જોશે અને તમારી પરવાનગી લઈને જ; જો તમે તેમને તમારા રેકોર્ડ જોવા દેશો તો તેનાથી તેમને ઘણી બધી અગત્યની માહિતી મળી શકશે, જેમ કેઃ

- એલર્જીઓ
- દવાઓ
- હોસ્પિટલમાં દાખલા અને રીફરલો
- વેક્સીનો અને રસીઓ
- તપાસનાં પરિણામો
- નિદાનો
- સારવાર
- તબીબી પ્રક્રિયાઓ
- જીવનના અંત સમયની ઈચ્છાઓ
- ભૌગોલિક માહિતી (ઉંમર, લિંગ વગેરે)
- અરક્ષિત બાળકો અથવા પુખ્ત લોકોની હેરાનગતીને લગતી ચિંતાઓ (લાગુ પડતું હોય તો)

તમારી માહિતીનો ઉપયોગ, સંશોધનો જેવા બીજા કોઈ હેતુસર કરવામાં આવશે નહિ, અથવા તે ત્રીજા પક્ષને આપવામાં/વેચવામાં આવશે નહિ. કોઈ પણ ફેરફારો અથવા અદ્યતન યાદી માટે, કૃપા કરીને અમારી આ વેબસાઈટ જુઓ www.midlandsyourcareconnected.nhs.uk.



# માહિતીનું રક્ષણ કરે છે

## ગુપ્તતાની અગત્યતા

માત્ર નોંધાયેલાં આરોગ્ય સંભાળના વ્યવસાયિકો જ તમારા તબીબી રેકોર્ડ જોઈ શકે છે અને તેમ કરતાં પહેલાં તેઓ હંમેશાં તમારી પરવાગની માગશે. બીજું શું જોઈએ, તેમણે આ માહિતી તાળાબંધ નેટવર્ક મારફતે મેળવવાની રહેશે જેથી તમારી માહિતીનું સંભવતઃ સર્વોચ્ચ ધોરણો મુજબ રક્ષણ કરવાની ખાતરી રહે.

**તમે આપશો તે માહિતીનું હંમેશાં રક્ષણ કરવામાં આવશે.**

# શેની આપ-લે કરવામાં આવતી નથી?

**Your Care Connected તમારા જીપીના રેકોર્ડમાંથી બધી વિગતોની આપ-લે કરતું નથી.**

આનું કારણ એ છે કે અમે દર્દીઓની ગુપ્તતા તેમજ સંવેદનશીલ માહિતીની આપ-લે કરવા ઉપરની રાષ્ટ્રિય માર્ગદર્શિકાનું પાલન કરીએ છીએ.. આના પરિણામે Your Care Connected હાલમાં નીચેનાને લગતી માહિતીની આપ-લે કરતું નથીઃ

- આઈ.વી.એફ.ની સારવાર
- એચ.આઈ.વી. અને એઈડ્સ
- જાતિય રીતે એકબીજામાં ફેલાતા ઈન્ફેક્શનો
- લૈંગિક રીતે કરવામાં આવેલા ફેરફારો
- ગર્ભપાત
- જીપીના રેકોર્ડમાંથી મોકલવામાં આવેલ મફત ટેક્સ્ટ

કૃપા કરીને નોંધ લેશોઃ સંવેદનશીલ માહિતીની આપ-લેને લગતી રાષ્ટ્રિય માર્ગદર્શિકામાં થતા ફેરફારો અનુસાર આ યાદીમાં પણ ફેરફાર કરવામાં આવી શકે. તમારી સારવાર કરતી વ્યક્તિ Your Care Connectedનો ઉપયોગ કરીને જ્યારે તમારા રેકોર્ડ મેળવે ત્યારે કઈ માહિતી તેમને આપવામાં આવતી નથી તેની અદ્યતન યાદી માટે કૃપા કરીને અમારી વેબસાઈટ જુઓ.

# તમારી માહિતી, તમારી પસંદગી

તમારા આરોગ્ય સંભાળની વાત આવે ત્યારે, તમારી તબીબી માહિતી કોણ જોઈ શકે, ક્યારે જોઈ શકે અને તેઓ તે ક્યારે મેળવી શકે તેની પસંદગી કરવાની તમને સત્તા છે.

જો તમે તમારી સારવાર કરનાર સાથે તમારી તબીબી માહિતીની આપ-લે કરવા માટે રાજી હો, તો તમારે બીજું કશું કરવાની જરૂર નથી. જો તમે આગળના પાને આપેલમાંથી કોઈ સંસ્થામાં જશો, તો તમારી સારવાર કરનાર વ્યક્તિ તમારા રેકોર્ડ જોવા માટે તમારી પરવાનગી માગશે.

## ભાગ ન લેવો

જો તમે Your Care Connected માં 'ભાગ નહિ લેવાનું' (બહાર નીકળી જવાનું) નક્કી કરશો, તો માત્ર તમારી પોતાની મેડિકલ પ્રેક્ટીસ તમારા રેકોર્ડ ઈલેક્ટ્રોનિક રીતે મેળવી શકશે, કૃપા કરીને યાદ રાખશો કે આમાં ભાગ નહિ લેવાથી તમારા રેકોર્ડ સાવ જ મેળવી નહિ શકાય, ઈમર્જન્સીની સ્થિતિમાં પણ નહિ.

# વધુ જાણવા માગો છો?

કૃપા કરીને જુઓ MidlandsYourCareConnected.nhs.uk

અથવા, તમે ટીમને અહીં ઈમેઈલ કરી શકો છો
InfoMidlandsYourCareConnected@nhs.net

અથવા તેમને મફત ફોન 0333 150 3388 પર ફોન કરો

Your Care Connected

અમે અમારાં પ્રકાશનો બ્રેઈલ (અંધલિપિ)માં, મોટા અક્ષરોમાં છપાયેલ, સહેલાઈથી વાંચી શકાય તેવા લખાણ (ઈઝી રીડ) સ્વરૂપમાં બનાવી શકીએ છીએ. અનેક જુદી જુદી ભાષાઓમાં પણ માહિતી ઉપલબ્ધ કરાવી શકાય છે. વધુ માહિતી માટે કૃપા કરીને અમારો સંપર્ક કરો.